# એસ.જી. - એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ઓરિએન્ટેશન



એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા દ્વારા નાથીબા કૉલેજ હૉલમાં નવા આવેલા વિદ્યાર્થીઓના વાલીઓ શાળાના વાતાવરણથી પરિચિત થાય તે હેતુથી ઓરીએન્ટેશન કાર્યક્રમનું આયોજન થયું હતું. શિક્ષક સોનાલીબેન અને નિખિલભાઈએ સરે શાળાના સમગ્ર વાતાવરણથી વાલીઓને પરિચિત કરાવ્યા હતા. આચાર્યએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ ધોરણ-૧ અને ૨ના વાલીઓની મિટિંગનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી ખાતે

# 'ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ અવેરનેસ' વિષયે સૅમિનાર યોજાયો




ગાંધીનગર, તા. ૧

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કૅમ્પસની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજીના ઈસી ડિપાર્ટમૅન્ટ દ્વારા 'ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ અવેરનેસ' વિષયે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત કાઉન્સિલ ઑફ સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી, ગુજરાત સરકારના સહયોગથી યોજાયેલા આ વર્કશૉપમાં આઈપીઆર, સીજી પાવર એન્ડ ઈન્ડસ્ટ્રીયલ સોલ્યુશન લિમિટેડ, મુંબઈના ગર્ગ વ્યાસે આઈપીઆર શું છે ? તેનું મહત્ત્વ અને અગત્યતા વિગતે જણાવી હતી. વર્કશૉપના બીજા સૅશનમાં ઑલ ઈન્ડિયા માર્કેટિંગ હેડ, ગ્રીડલૉજીસ ટૅકનોલૉજી પ્રાઈવેટ લિમિટેડ, મુંબઈના તુષાર સુરતીએ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સના ઉપયોગનો ડેટાબેઝ બનાવવામાં કેવી રીતે ઉપયોગ થાય છે તેની વિગતવાર માહિતી આપી હતી. સેમિનારના અંતમાં બંને વક્તાઓ દ્વારા પ્લેનરી સૅશન આપવામાં આવ્યું હતું, જેમાં આઈપીઆરના ઉપયોગ અન્ય કેટલા ફિલ્ડમાં થાય છે અને તેનાથી શું ફાયદા-ગેરફાયદા થાય છે તેનું વર્ણન પ્રશ્નોત્તરીના માધ્યમથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં સૅમિનારમાં ભાગ લીધેલા વિદ્યાર્થીઓ, ફૅકલ્ટી મૅમ્બર્સને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

બાપુ ગુજરાત નોલેજ વિલેજની સંસ્થાઓમાંથી આશરે ૬૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીની વિગતવાર માહિતી મેળવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ઈસી વિભાગના વડા પ્રૉ. રવિ પટેલ અને પ્રા. દિવ્યાંગ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# જન્મદિને વધામણી




મહેન્દ્રસિંહ શિવસિંહ રાઠોડ
મો. ૯૭૨૩૭ ૮૫૮૯૮



ભાવના પાઠક
લાયોનેસ ક્લબ, ગાંધીનગર



રિમા મોદી
લાયોનેસ ક્લબ, ગાંધીનગર



હિતેન્દ્ર પટેલ
ભાજપ કિસાન મોરચો

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં 'વેસ્ટમાંથી બેસ્ટ' સ્પર્ધા



## વિદ્યાર્થીઓએ પેપર, દોરી, કાચ, સીડી તથા ડિસ્પોઝેબલ વસ્તુઓનો ઉપયોગ કરીને સુશોભન માટેના સુંદર નમૂના તૈયાર કર્યા

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં નવા આવેલા વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે 'વેસ્ટમાંથી બેસ્ટ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ પેપર, દોરી, કાચ, સીડી તથા ડિસ્પોઝેબલ વસ્તુઓનો ઉપયોગ કરીને સુશોભનના સુંદર નમૂના તૈયાર કર્યા હતા. આ માટે વિદ્યાર્થીઓને ૫૦ મિનીટનો સમય આપવામાં આવ્યો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે હેતલ સુરિલ સરવૈયાએ પોતાની સેવાઓ આપી હતી. સીસીએ ઍક્ટિવિટીના ઈન-ચાર્જ શૂપર્ણા મુખર્જી, ડૉ. વર્ષા પારેખ, શિલ્પા તન્ના, સાધના ક્ષત્રિય, જ્યોતિ સુથાર અને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# વૈદિક વ્યાખ્યાનમાળા અંતર્ગત માનસિક પ્રસન્નતા તથા સન ગેઝીંગ વિષય ઉપર વક્તવ્ય




ગાંધીનગર, તા. ૧

વૈદિક પરિવાર દ્વારા આયોજિત વૈદિક વ્યાખ્યાનમાળા અંતર્ગત વ્યવહારકુશળતા દ્વારા માનસિક પ્રસન્નતા તથા સન ગેઝીંગ વિષય ઉપર વક્તવ્ય રવિવાર ૩૦ મી જુન, ૨૦૧૯ના રોજ સાંજે ઈજનેરી સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું હતું. રોટરી ક્લબનાં ઝોન ચેરમેન તથા વૈદિક પરિવારના ટ્રસ્ટી અરવિંદભાઈ રાણાએ સન ગેઝીંગ કેવી રીતે કરવું, કયા સ્થળે કયા પ્રકારે કેટલો સમય કરવું તેની સમજ આપી હતી. તેમણે સન ગેઝીંગના ત્રણ તબકકાઓ વિષે ચર્ચા કરતા કહ્યું હતું કે પ્રથમ તબકકામાં માનસિક, બીજા તબકકામાં શારીરિક તથા ત્રીજા તબકકામાં આધ્યાત્મિક વિકાસ થાય છે.

વૈદિક પ્રવકતા અવધેશપ્રસાદ પાંડેયે મનની પ્રસન્નતા માટે રામરાજય જેવી ઉત્તમ વૈદિક વ્યવસ્થા ઉપર ભાર મૂક્યો હતો. જેનો વ્યવહાર જૂઠ્ઠો છે, જે અધર્મ પ્રવૃત્તિમાં રત છે, જે વ્યસની છે, જે પોતાની ઈન્દ્રિયોનો દુરુપયોગ કરી રહ્યો છે તેનું મન કદી પ્રસન્ન રહી શકે નહિ. માનસિક પ્રસન્નતા માટે કૃષિપ્રધાનતા, ગૌધન, ભૂધનની પ્રચુરતા તથા સાત્વિક ભોજન અને આસ્તિકતાની અનિવાર્યતા પર તેમણે ભાર મુક્યો હતો. વૈદિક પરિવારના મેનેજીંગ ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ગાંધીએ વૈદિક પરિવાર દ્વારા કરવામાં આવતી ધાર્મિક, સામાજિક, સેવાકીય અને વિદ્યાર્થીઓનાં વિકાસલક્ષી પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી.

# 'મેરા ભારત મહાન' કહેવા કરતાં દેશને મહાનતા તરફ દોરી જઈએ




ગાંધીનગર, તા. ૧

'આપણે વારંવાર બોલતાં હોઈએ છીએ કે મેરા ભારત મહાન. પરંતુ મેરા ભારત મહાન બોલવા કરતાં દેશને મહાનતા તરફ દોરી જવો જોઈએ.'

રૉટરી ક્લબ ઑફ ગાંધીનગરના નવા વર્ષના હોદ્દેદારોના શપથવિધિ સમારોહમાં શપથવિધિ અધિકારી તરીકે ઉપસ્થિત ડૉ. અરૂણ પરીખે આ શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું.

રૉટરી ઈન્ટરનેશનલની નવા વર્ષ માટેની થીમ 'રૉટરી કનેક્ટ્સ ધ વર્લ્ડ'નો વિસ્તારથી પરિચય આપી તેમણે રાષ્ટ્ર પ્રતિ નિષ્ઠા અને અન્ય લોકો પ્રતિ સંવેદના ઉજાગર કરતા અન્ય રાષ્ટ્રોના પ્રેરણાત્મક પ્રસંગોનો પણ ઉલ્લેખ કર્યો હતો.

રૉટરી ક્લબ ઑફ ગાંધીનગરનો ૩૪મો શપથવિધિ સમારોહ રવિવારે સેક્ટર-૧૨ ખાતે સી.એમ.પટેલ નર્સિંગ કોલજના ઓડીટોરીયમ હોલ ખાતે યોજાયો જેમાં રોટરીના સભ્યો, બોર્ડ મેમ્બર્સ, પરિવારજનો, આમંત્રિત મહેમાનો, રોટ્રેક્ટ્સના યુવાનો અને સમાજસેવકો ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દર વર્ષે રોટરી આંતરાષ્ટ્રીય નિયમાનુસાર ૧લી જુલાઈ રોટરી વર્ષની શરૂઆત થતી હોય છે, ત્યારે રોટરી વર્ષ ૨૦૧૯-૨૦ના હોદ્દેદારોએ શપથ ગ્રહણ કર્યા હતા. પ્રમુખપદે વ્યવસાયે સર્વ વિદ્યાલયમાં પ્રોફેસર તરીકે કાર્યરત એવા ડૉ. ધર્મેન્દ્ર પટેલની અને સેક્રેટરી તરીકે ભારત જૈનની વરણી કરવામાં આવી હતી સાથે નવા જોડાયેલ સભ્યો અને નવા બોર્ડ મેમ્બર્સે પણ શપથગ્રહણ કર્યા હતા. આ વર્ષે ભારતમાં રોટરીનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે ભારતીયતાની થીમ પર સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું.

શપથવિધિ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્યના કમિશનર ઑફ ડિસેબિલીટીઝ ડી. એન. પાંડે શપથવિધિ અધિકારી તરીકે ડૉ. અરુણ પરીખ, ઈન્ડકશન ઓફીસર તરીકે રૉટરી ડિસ્ટ્રીક્ટ ૩૦૫૪ના આસિસ્ટન્ટ ગવર્નર ઊર્મિલ વેદ, ક્લબ ટ્રેનર જીતેન્દ્ર પટેલ અને અન્ય પદાધીકારીઓએ ઉપસ્થિત રહી પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમમાં અનંત પટેલ દ્વારા સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું જ્યારે ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯નાં કાર્યોનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.

નવનિયુક્ત ટીમ વતી નવા પ્રમુખ દ્વારા આવનાર વર્ષ માટેના સમાજ ઉત્કર્ષના કાર્યોનું પ્રોજેકશન કરાયું હતું. સાથે મૅક્સિકોથી પધારેલ ડીઈગો સાથે રોટરી ક્લબ ઓફ ગાંધીનગરનો ફલેગ એક્ષ્ચેન્જ પણ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન નીના ગણેશન, જૉય બક્ષી, ડૉ. જગદીશ પટેલ અને જગજીતસિંગ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ખેલદિલીના ગુણો સારા નાગરિકનું ઘડતર કરે છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ ખાતે ૩૬મી ગ્લેનમાર્ક સબ જુનીયર અને ૪૬ મી જુનીયર એકવાટિક ચેમ્પીયનશીપ-૨૦૧૯નું સમાપન કરાવતાં સ્પોર્ટસમેન સ્પીરીટની કવોલિટી વ્યકતિગત અને સામુહિક જીવનમાં કેળવી રાષ્ટ્રભાવનું આહવાન કર્યુ છે.

આ સંદર્ભમાં તેમણે બાળ સ્પર્ધકોને કહયું કે રમત-ગમતમાં હારજીતથી ઉપર ઉઠીને સહભાગી થઈ વ્યકિતગત અને સમુહજીવનમાં ખેલદિલીના ગુણો જ એક સારા નાગરિક તરીકે તમારૂં ઘડતર કરશે.

વિજયભાઈ રૂપાણીએ રાજકોટને આવી રાષ્ટ્રીય સ્પર્ધાના ત્રણ વાર યજમાન બનવાનું ગૌરવ મળ્યુ છે. તેનો હર્ષ વ્યકત કરતાં ૩૨ રાજયોના ૧૨૦૦ સ્પર્ધકો સહીત સૌને મહાત્મા ગાંધીની ભૂમિ પર આવકાર્ય હતા. રાજકોટમાં આયોજીત આ પાંચ દિવસીય સ્પર્ધામાં ગુજરાતના ખેલાડીઓનો દબદબો રહયો છે. આ સ્પર્ધામાં રાજયના ૨૦ બોયઝ અને ૧૭ ગર્લ્સ મળી ૩૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ ખેલાડીઓએ ૬ ગોલ્ડ, ૫ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા છે.

આર્યન નહેરાએ ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ મેડલ




મેળવીને નવો કિર્તીમાન પ્રસ્થાપિત કર્યો છે. તેને પણ મુખ્યમંત્રીશ્રીએ વધાવ્યો હતો. મુખ્યમંત્રીએ રાજયનાં બાળકોને શાળા અભ્યાસ દરમ્યાન જ રમત-ગમતની સઘન તાલીમ આપી રાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે તૈયાર કરવા દરેક તાલુકામાં ''ઈન સ્કુલ'' યોજના શરૂ કરી છે. તેની ભૂમિકા આપી હતી.

પ્રતિભા સંપન્ન ખેલાડીઓની શકિતને વિશેષ નિખારવા ''શક્તિદૂત'' યોજના અન્વયે રાજયમાં ૭૫ ખેલાડીઓને ૪ કરોડ ૧૫ લાખની રાશિ અપાઈ છે, તેમ પણ તેમણે જણાવ્યું હતું. તેમણે રાજકોટની આ સ્પર્ધામાં પસંદગી પામીને બેંગાલુરૂની આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં જનારા દરેક ખેલાડીને ભારતમાતાને ખેલ પ્રતિયોગીતાઓમાં સફળતાના ઉચ્ચ શિખરે પહોંચાડવાની તમન્ના રાખવા પ્રેરણા આપી હતી.

રાજકોટના શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સ્વિમિંગ પુલ ખાતે યોજાયેલી ૩૬મી ગ્લેનમાર્ક સબ જુનીયર અને ૪૬ મી જુનીયર એકવાટિક ચેમ્પીયનશીપ-૨૦૧૯ના સમાપન સમારંભમાં રાજકોટ સ્વિમિંગ એસોસિએશનના પ્રમુખ ઉમેશભાઈ રાજયગુરૂએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. સ્વિમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલ સ્પર્ધામાં નવા વિક્રમ સાથે વિજેતા થનાર રાષ્ટ્રીય કક્ષાના ગુજરાતી તરણવીર આર્યન નહેરાને સન્માન તથા અન્ય વિજેતાઓને ઈનામો મુખ્યમંત્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં.

# ગાંધીજીનો વિનોદ

॥ ૭૨મો મણકો ॥

### મુક્ત હાસ્ય

માતાના ખોળામાં રમતા બાળકના હાસ્ય જેવું હાસ્ય બાપુના મોં પર પથરાયેલું હતું.

- ટી. પી. કૈલાસન

તેમનો કચ્છ, બકરી, લગભગ દાંત વિનાનું બોખું હાસ્ય, અખૂટ મઝાનો વિનોદ અને નિર્દોષ હાસ્યપ્રેમ - આ બધાં તો પશ્ચિમી જગતને વિસ્તૃત માહિતી સાથે એટલાં બધાં જાણીતાં છે કે ભાગ્યે જ કોઈ તેમને બીજી રીતે યાદ કરી શકે.

- વિન્સેન્ટ શીમ

જેમના પર ગાંધીજીનો પોતાનો જ કાબૂ છે, એવા આનંદના ઉમળકાભર્યા હાસ્ય સાથે તેમણે કહ્યું, રાવણ પાસેથી પણ વ્યક્તિએ શીખવું જોઈએ.

- રામમનોહર લોહિયા

શ્રી લોહિયાઓ પોતાના સામયિકમાં હિંદનો ખેતી વિશેનો કોયડો એ નામનો લેખ લખ્યો હતો. એ આખો લેખ ગાંધીજીએ હરિજનમાં પ્રગટ કર્યો હતો. તેનો ઉલ્લેખ કરી ગાંધીજી આ વાક્ય બોલ્યા હતા :

અમે લોકો મળસકે ચાર વાગ્યે ઉઠીએ છીએ.... પણ તમે લોકો એટલા વહેલા ઉઠો એવી અપેક્ષા નથી.

- રોનાલ્ડ ડંકન

કઠોર અને રૂક્ષ છતાં હસમુખા અને નમ્ર પુરુષ.

- રૉબર્ટ પેન

તેમની આંખો રાતે દીવા ઝગે એવી રીતે ઝગમગે છે. અને એ બધાંની ઉપર પ્રભાતકાળની સૃષ્ટિ પર સૂર્યના તેજની પેઠે તેમના સ્મિતનો પ્રકાશ પથરાયેલો છે.

- મારી યુરોપયાત્રા

તેઓ તો મુક્તાત્મા છે. તેમને કોઈ ગળું દબાવી ગૂંગળાવે તો મને ખાતરી છે કે તેઓ ચીસ નહીં પાડે. તેઓ ગળું દબાવનાર પ્રત્યે પણ હસશે. અને જો તેમને મરવું પડે તો તેઓ હસતાં હસતાં મરશે.

- રવીન્દ્રનાથ ટાગોર

તેમના આનંદદાયક હાસ્યમાં એક સંપૂર્ણ પ્રેમાળ અને નિઃશસ્ત્ર કરે એવું તત્ત્વ હતું. જેને લીધે તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં એક પ્રકારની હળવાશ પથરાવી દેતા.

- કાઉન્ટેસ માઉન્ટબૅટન

ગાંધીમાં વિલક્ષણ વિનોદવૃત્તિ હતી. તેમની મજાકો અને વિનોદવૃત્તિ દ્વારા તેમના વિરોધીઓનું તેમના પ્રત્યેનું આળાપણું કે મૂંગા પ્રશંસકોનું મૌન ઓગાળી કાઢવાની તેમનામાં અસાધારણ શક્તિ હતી.

- પી સી રૉય ચૌધરી

જ્યારે હું આવ્યો ત્યારે એ વૃદ્ધ પુરુષ બગીચાની લૉન પર મૂકેલા કોચ પર સૂતા હતા અને આથમતા સૂરજનો તડકો ઝીલી રહ્યા હતા. તે ભારે ખુશમિજાજમાં હતા. અમે બંનેએ લાંબા સમય સુધી વાતો કરી અને ખૂબ હસ્યા. ઉમદા ચારિત્ર્યના સંત. ગાંધીમાં નિશાળિયા જેવું રમૂજીપણું અને અટ્ટહાસ્ય જડાયેલું છે. છતાં તેમનો મિજાજ શોક અને આનંદ વચ્ચે ઝોલાં ખાતો હતો. તમે ૧૫૦ વરસ જીવશો એવી ભવિષ્યવાણી જેઓ ભાખે છે તેઓ ખરા છે એવું અડધું રમૂજમાં અને અડધું ગંભીરતાથી કહ્યું ત્યારે તેઓ આનંદથી હસ્યા. તેમનું બોખું હાસ્ય તેમનાં ચશ્માંની પાછળ નાકની દાંડી પર બેઠું અને તેમની આંખ આનંદથી ચમકવા લાગી.

- માલકોમ મેકડોનાલ્ડ

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર